# દિવાળી ચોપડાપૂજન સૂચના

તા. ૨૦/૧૦/૨૦૨૫ને સોમવારના રોજ દિવાળીનો પવિત્ર દિવસ છે. દર વર્ષે વેપારીબંધુઓ દિવાળીના દિવસે ચોપડાપૂજનના પ્રોગ્રામનો પ્રત્યક્ષ લાભ લેતા હોય છે અને શ્રીજીમહારાજને પોતાની પેઢીના કર્તા કરતાં હોય છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ દરેક વેપારી બંધુઓને પોતપોતાના નજીકના મંદિર કે સત્સંગ કેન્દ્રમાં પૂ.સંતોના સાંનિધ્યમાં ગુરૂવર્ય પ.પૂ.સ્વામીશ્રીનો ઓનલાઈન ચોપડાપૂજન તથા ચોપડાપૂજનના આશીર્વાદનો લાભ મળશે.

ચોપડાપૂજનનો લાભ લેવા માટે તમામ સભ્યોએ સેન્ટરોમાં સંપર્ક કરી નામ નોંધાવવાનું રહેશે. જેમાં તમામ વેપારી હરિભક્તોને સવારે ૭:૩૦ થી ૧૦:૦૦ ઓનલાઈન ચોપડાપૂજનનો લાભ મળે તે રીતે આયોજન કરેલ છે. જેની વિગતે માહિતી નીચે મુજબ છે. ચોપડાપૂજનમાં લાભ લેવા માટે તમામ હરિભક્તોએ જે તે સેન્ટરના નજીકના SMVSના મંદિરમાં લાભ લેવા માટે જવાનું રહેશે અને ત્યાં જ ચોપડાપૂજનનો લાભ લેવાનો રહેશે. પૂ.સંતો દ્વારા ચોપડાપૂજનના પ્રોગ્રામનો લાભ મળશે. ચોપડાપૂજનના પ્રોગ્રામ બાદ સવારે ૧૦ થી ૧૧ આપણી અમીરપેઢીના વારસદાર **સદ્‌.ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રી સ્મૃતિ દિન**ના પ્રોગ્રામનો લાભ મળશે.

- **હરિભક્તો માટેની સૂચના**

1. દેશ-વિદેશના જે હરિભક્તોએ ચોપડાપૂજનમાં લાભ લેવાનો હોય તેમણે સેન્ટરોમાં નામ નોંધાવવાનું ફરજીયાત છે.
2. તા. ૨૦/૧૦/૨૦૨૫, સોમવારના રોજ સવારે ૭:૩૦ વાગ્યે કીર્તનભક્તિના પ્રોગ્રામથી ચોપડાપૂજનનો પ્રારંભ થશે. તેથી મોડામાં મોડા સવારે ૭:૩૦ સુધીમાં મંદિરે પહોંચી જવાનું રહેશે.
3. ધોતી-ઉપરણી પહેરીને ચોપડાપૂજનના પ્રોગ્રામમાં લાભ લેવાનો રહેશે. ધોતી-ઉપરણી લઈને મંદિરે જવાનું રહેશે. પોતાની પાસે ન હોય તો મંદિરના સ્ટોલ ઉપરથી નવી ધોતી-ઉપરણી મળી રહેશે.
4. ચોપડાપૂજનના પ્રોગ્રામનો લાભ લેવા માટેની સામગ્રી નીચે મુજબ છે. જે સામગ્રી લઈને મંદિરે લાભ લેવા માટે આવવાનું રહેશે.

1. પૂજન માટેના ચોપડા
2. બેસવા માટેનું આસન
3. થાળી-1
4. વાટકી-1
5. લોટો-1
6. ચમચી-1
7. શ્રીફળ-1
8. નાડાછડી
9. અબીલ
10. ગુલાલ
11. કંકુ
12. ચોખા
13. પડિયા
14. સોપારી (ચોપડાદીઠ એક)
15. નાગરવેલના પાન (ચોપડાદીઠ એક)
16. દિવેટ-૩
17. માચીસ
18. સાકર ૫૦૦ ગ્રામ

5. જે શહેરમાં સંસ્થાનું મંદિર કે સત્સંગ કેન્દ્ર નજીકમાં ન હોય અને મંદિર કે સત્સંગ કેન્દ્રથી ૧૦૦-૨૦૦ કિલોમીટર દૂર રહેતા હરિભક્તોએ પોતાના ઘરેથી ચોપડાપૂજનનો લાભ લેવાનો રહેશે. આ હરિભક્તોએ ચોપડાપૂજનની વિગતે માહિતી તેમજ સ્ટીકર માટે નજીકના સેન્ટરના અગ્રેસરો તેમજ પૂ.સંતોનો સંપર્ક કરવાનો રહેશે. તેમને સેન્ટરમાંથી ચોપડાપૂજનના આગલા દિવસે Email કે Whatsapp દ્વારા વિડીઓ એપ્લીકેશનમાં જોડાવા માટેની લિંક મળશે. મંદિર નજીક હોય તે મુક્તોએ ફરજીયાત મંદિરે જ લાભ લેવા માટે આવવાનું રહેશે. અગાઉથી લિંક પ્રમાણે વિડીઓ એપ્લીકેશન ડાઉનલોડ કરવી અને વ્યવસ્થિત ઈન્ટરનેટની સગવડ કરી દેવી.

- **વધુ માહિતી માટે સેન્ટરના અગ્રેસરનો સંપર્ક કરવો.**